ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"હા... સાહેબ ! એરપોર્ટ પરથી જ આવું છુ."

"કેમ એરપોર્ટ ?"

"હું... બેંગ્લોરીયાઓને મુકવા...?"

"હા... સાહેબ હા... આ બધું શીખ્યા તો તમારી પાસેથી જ... તમે તો શીખવાડ્યું અને પાછા ભુલી જાઓ છો ?!" "મનપા...જિલ્લા પંચાયત... તાલુકા પંચાયત... યાદ કરો યાદ કરો."

"પણ આવું નહીં, એક બાજુ સંકટ હોય તો પ્રતિનિધિ થઈને બહાર ફરવા અને જલ્સા કરવા ના જવાય. અત્યારે જ ધારાસભ્યોની વિસ્તારમાં જરૂર હોય છે. મેદાન છોડીને જવાય નહી."

"હા... એ તો ભગવાન કરે તે લીલા... એવું નહીં. દોઢસો માનવોના મૃત્યુ થયા હોય ત્યારે રાહત છાવણી યાદ આવે કે રીસોર્ટ યાદ આવે ?!"

"હા સાહેબ મારે પણ એજ કહેવું છે. રાજ્ય પર જ્યારે સંકટના વાદળો ઉતરી આવ્યા હોય ત્યારે રાહતકાર્ય યાદ આવે કે રાજકીય ભવાડા યાદ આવે ?! ત્યારે સેવાકાર્યમાં નાણાં આપવા જોઈએ કે ધારાસભ્યો તોડવા માટે કરોડો રૂપિયા આપવા જોઈએ ?!? હા... એ તો જો જો ને સમય જ બોલશે."

"અમે તો જોયું જ છે ભાઈ..! અમને ખબર છે તમારો દેશભરમાં ડંકો વાગે છે... રાજ્યભરમાં તમારો દબદબો છે તો પછી તમારે બીજા પક્ષોને તોડવા કેમ પડે છે ? ધારાસભ્યોને ખરીદવા કેમ પડે છે..? આ તો રીલાયન્સવાળા મુકેશ અંબાણી ગાંધીનગર જીઆઈડીસીમાં ચોરી કરવા આવ્યા હોય તેવો ઘાટ છે..!!"

"રહેવા દો..! રહેવા દો... માપમાં રહો, તમે દસ વર્ષ શું કર્યું છે એ ખબર છે."

"હા...આ... સાહેબ હા. દસ વર્ષ અમે આવું ના કરી શક્યા એટલે તમે આ કરો છો !'

"અમે જો તમારા જેવું કર્યું હોત તો આજે આ દિવસો ના આવ્યા હોત..!"

"એટલે, એટલે, એટલે...!"

'કાન ખોલીને સાંભળી લો... અમે પક્ષો તોડ્યા નથી. સરકારો તોડી નથી.. ખરીદ વેચાણમાં પડ્યા નથી. માત્ર વિકાસ અને પ્રજાનું કામ કર્યું છે અને એ પણ બુમ બરાડા વિના."

"ખબર છે ભાઈ..! ખબર છે ! કેટલો ક્યાં ભ્રષ્ટાચાર થયો છે અને કેવો થયો છે એની સૌને ખબર છે."

"હં હં... એટલે અત્યારે નથી થતો..?"

"દાયકા કરતાં વધારે થાય છે અને વિક્રમો તોડીને થાય છે. એટલે તો કરોડોમાં સોદા થાય છે. એમાં મુઠ્ઠી બંધ રાખો તો સારૂ."

"હા...સાહેબ. આ વિષયમાં તો કોઈ કોઈને કંઈ કહી શકે તેમ નથી..!"

"બધા જ રાજકીય નેતાઓ કાચના ઘરમાં છે ખરૂને..?!

હા... આમાં તો કાન પકડવા જ પડે. પ્રજા જ્યારે અવાજ ઉઠાવશે અને ભ્રષ્ટાચાર સામે રોડ પર ઉતરી આવશે ત્યારે બધાની શાન ઠેકાણે આવશે. ત્યારે જ... અને ત્યારે જ... ભ્રષ્ટાચાર મુક્ત ભારતનું સ્વપ્ન સાકાર થશે."

"હા... એ વાત સાચી છે. ભાષણ કરવું સહેલું છે પ્રજાને ભાષણથી આંજી દેવી એનાથીય સહેલી છે પણ કરેલા ભાષણને આચરણમાં લાવવું ખુબ જ અઘરૂ છે.. અને એ તો કોઈક ગાંધી જ કરી શકે..."

# મનપાના ઢોરવાડામાં સાત ગાયોના મોતથી રોષ







## મહાનગરપાલિકા દ્વારા ગૌ હત્યાનુ પાપ : જીતુ રાયકા : ગંદકીથી ખદબદતા ઢોરવાડાને બનાવવામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ : બબ્બે દિવસ સુધી ઘાસચારો-પાણી નંખાતો ન હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૨૯

મહાનગરપાલિકાની ઢોરપકડ પાર્ટી દ્વારા પકડવામાં આવેલી રખડતી ગાયોને તંત્ર સે. ૩૦ ખાતે જે ઢોરવાડામાં રાખે છે તે ઢોરવાડામાં જ સાત જેટલી ગાયોના મોત તંત્રની બેદરકારીથી થઈ જતા આજે હોબાળો થયો હતો. રોષે ભરાયેલા માલધારીઓનું ટોળુ ઢોરવાડા પર આવી પહોંચતા પોલીસની ટીમો બોલાવી દેવામાં આવી હતી. ગંદકીથી ખદબદતા આ ઢોરવાડામાંથી ઢોરો તાત્કાલીક છોડવાનો નિર્ણય આખરે લેવાયો હતો. નોંધનીય બાબત છે કે ગૌહત્યાનો કાયદો ઘડી રાજકારણ રમનાર ભાજપના જ સ્થાનિક નેતાઓ આ ગંભીર મુદ્દો હોવા છતાં સ્થળ પર ફરક્યા ન હતા.

સવારથી જ માલધારીઓનુ ટોળું સે. ૩૦ ઢોરવાડા ખાતે આવી પહોંચતા સ્થળ પર પોલીસની ટીમો ખડકી દેવામાં આવી હતી. મનપાના કોર્પોરેટર જીતુ રાયકા તથા અંકિત બારોટ પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા. અત્યંત ગંદકીયુક્ત આ ઢોરવાડામાં ઢીંચણ સુધી પગ ખુંપી જાય તેટલો કાદવ કિચડ હતો. આ સ્થિતિમાં એક તાજુ જન્મેલુ વાછરડું ઉપરાંત સાતેક ગાયો મોતને ભેટી ગઈ હતી. મનપાના અધિકારીઓને સ્થળ પર બોલાવી જવાબ માંગવામાં આવ્યો હતો. બબ્બે દિવસ સુધી ઘાસચારો નાંખવામાં આવ્યો ન હોવાનુ અને જરૂરી રજીસ્ટર, મસ્ટર પણ નિભાવવામાં આવતુ ન હોવાનુ ધ્યાને આવતા મામલો વધુ ઉગ્ર બન્યો હતો. આખરે પકડવામાં આવેલ ગાયોને મુક્ત કરી માલીકને સોંપી દેવાનો નિર્ણય લેવાયો હતો. પરિસ્થિતિ વણસતા મેયર, ડે. મેયર તથા ડે. કમિશનર ઢોરવાડા ખાતે પહોંચ્યા હતા.

# ભારે વરસાદના અંતે સે-૧ ના તળાવની રોનક નિખરી : પ્રથમવાર પાણી ભરાયુ

ગાંધીનગર તા ૨૯

શહેરમાં ભારે વરસાદ દરમિયાન સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે છેલ્લા એક દાયકાના અંતે સે-૧ ના તળાવમાં પ્રથમવાર પાણી હિલોળા લેતુ નજરે પડયુ હતુ. કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા સે-૧ ના તળાવમાં તળિયામાં ટેકનિકલ ખામી હોવાના લીધે પાણી ટકતુ નથી. જેના પરિણામે તળાવ વિકાસ પાછળ ખર્ચાયેલા પૈસા પણ પાણીમાં ગયા હોવાની સ્થિતિ સર્જાઇ છે. ત્યારે ભારે વરસાદના અંતે પહેલીવાર તળાવમાં પાણી ભરાતા નાગરિકો માટે હાલ સે-૧ નુ તળાવ પિકનિક સ્પોટ સમાન બન્યુ છે. જો કે તળિયામાં પાણી ટકતુ ન હોવાથી લાંબા સમય સુધી તળાવની રોનક બરકરાર નહીં રહે

**તળાવ વિકાસની યોજના પાછળ ખર્ચાયેલા કરોડો રૂપિયા પણ પાણીમાં : તળિયાની તરસ છીપાતી જ નથી : તળાવને પિકનીક સ્પોટ બનાવાની યોજના એક દાયકાના અંતે પણ સાકાર થઇ નથી**

શહેરમાં સે-૧ માં તળાવ વિકસાવવા માટેનો પ્રોજેકટ હજુ



● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભા માટે તમામ ઉમેદવારીપત્રો ચકાસણી દરમ્યાન માન્ય રહ્યા

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યસભાની ખાલી પડતી ૩ બેઠકો માટેની ચૂંટણીમાં આજે સાત ઉમેદવારોએ ભરેલા ઉમેદવારીપત્રો ચકાસણી દરમ્યાન માન્ય રાખવામાં આવ્યા છે. ૩ ડમી ઉમેદવારોના ઉમેદવારીપત્રો ૩૧મીએ પાછા ખેંચાતા ૩ બેઠકો માટે ૪ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. આજે બપોરે ૧.૩૦ કલાકે ચૂંટણી અધિકારી ડી.એમ. પટેલની ચેમ્બરમાં રાજકીય પક્ષોના આગેવાનોની હાજરીમાં ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી જે ૩૦ મિનિટ જેટલા સમયગાળામાં જ સંપન્ન થઈ જવા પામી હતી.

આ ચકાસણી દરમ્યાન રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈન તથા અધિક મુખ્ય ચૂંટણી અધિકારી અશોક માણેક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હવે મતદાન આ જંગ માટે ૮મી ઓગષ્ટે યોજવામાં આવશે. ૩૧મીએ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. દરમ્યાન કોંગ્રેસ પક્ષ તેના સભ્યોને હવાઈ માર્ગે બેંગ્લોર લઈ ગઈ છે. ભાજપે કોંગ્રેસના આ નિર્ણયની આકરી ટીકા કરી છે. પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ જણાવ્યું હતુ કે કોંગ્રેસ પક્ષની આંતરિક લોકશાહી જ ખત્મ થઈ ગઈ છે. આટલી દયનીય સ્થિતિ ક્યારેય જોઈ નથી. કોંગ્રેસના દંડક શૈલેષ પરમારે જણાવ્યું હતું કે રાજ્યસભામાં કોંગ્રેસના ઉમેદવાર અહમદ પટેલનો વિજય નિશ્ચિત છે.

# પ્રકૃતિ ઉદ્યાનની દિવાલ ધસી પડતા ઈન્દ્રોડામાં કાચા મકાનનો એક ભાગ દટાયો

**ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની દિવાલ તુટતા કાચા મકાનના રસોડાની ઘરવખરી સહીત ચાર સાઇકલો પણ દટાઇ : શ્રમિક પરિવાર મુંઝવણમાં : ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની જર્જરિત દિવાલ હજુ પણ જોખમી હાલતમાં : ગમે ત્યારે પડે તેવી દહેશત : ઇન્દ્રોડામાં વચલા વાસમાં ભયજનક સ્થિતિ**

ગાંધીનગર તા ૨૯

ભારે વરસાદ દરમિયાન ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની દિવાલ તુટી પડતા ગામના એક કાચા મકાનનો કડુસલો થઇ ગયો છે. દિવાલ ધસી પડવાથી કાચા મકાનની એકબાજુ દબાઈ ગઈ છે. જેમાં શ્રમિક પરિવારના રસોડાનો સામાન તેમજ ચાર સાઈકલોનો પણ ભુકો થઇ ગયો છે. ભારે વરસાદ દરમિયાન પાછળના જંગલ વિસ્તારામાંથી પાણી આવતા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની નબળી દિવાલ તુટી જતા નીચેના ભાગે સામાન દટાઈ ગયો છે. જયારે હજુ આ વિસ્તારમાં સ્થિત દિવાલ ગમે ત્યારે ધસી પડે તેવી દહેશત છે. ત્યારે હાલ સલામતીના ભાગરૂપે રહીશોએ ટેકા લગાવી દીધા છે.



ગાંધીનગરમાં ભારે વરસાદ દરમિયાન શહેર નજીક સ્થિત ગામોમાં ભારે નુકશાન થયુ છે. પાલજમાં કોતર નજીકના મકાનોની દિવાલો તુટી પડી છે. જયારે આદિવાડા અને ધોળાકુવામાં પણ પાણી ભરાતા રહીશોની ઘરવખરી પણ ધોવાઈ ગઈ છે. જયારે ઈન્દ્રોડા ગામમાં પણ કેટલાક ઠેકાણે વરસાદના લીધે ગ્રામજનોને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ શહેરમાંથી સ્વાઈનફલુ પોઝીટીવનો એક કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાંથી વધુ એક સ્વાઈનફલુનો કેસ મળી આવતાં જિલ્લાતંત્ર ચોંકી ઉઠ્યું છે. કલોલ તાલુકામાં આ સપ્તાહમાં જ ચોથો કેસ મળી આવ્યો છે.

છત્રાલ જીઆઈડીસી વિસ્તારના ત્રણ બાળકો સ્વાઈનફલુના દર્દી હોવાના અખબારી અહેવાલો પછી આજે કલોલ શહેરમાંથી એક ૬૦ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાનું જણાયુ છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી હાલ અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. આ દર્દી એન.આર.આઈ હોવાનું પણ જાણવા મળેલ છે.

આ દર્દીના સંપર્કમાં આવેલ પાંચથી વધુ લોકોને તંત્ર દ્વારા સાવચેતીના પગલાંરૂપે ટેમીફલુ ટેબ્લેટ આપી સર્વેલન્સમાં આવરી લેવાયા છે. સર્વેલન્સ દરમ્યાન અન્ય કોઈ દર્દી તાવના કે શરદીના નહિ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગઈકાલે વરસાદે વિરામ લીધો ત્યારે જ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ તમામ બ્લોક હેલ્થ ઓફિસરો અને પ્રોગ્રામ ઓફિસરોને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા કડક તાકીદ કરી હતી. જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં થયેલ ભારે વરસાદ પછી રોગચાળાની પરિસ્થિતિ ઉભી ના થાય તે જોવા માટે પણ તેમણે ખાસ સૂચનાઓ આપી હતી.

MUMBAI WHOLESALE BAZAR
ગાંધીનગરમાં સર્વપ્રથમવાર...
SALE... SALE... SALE... SALE...
ટૂંક સમય માટે જ... SALE No.1
જ્યાં ડિસ્કાઉન્ટ જ નહી એકદમ તળીયાના ભાવો....
સેલ કરતા પણ સસ્તુ
હવે આપને અમદાવાદ કે અલગ અલગ જગ્યાએ ખરીદી કરવા જવાની જરૂર નથી. બીજે ખરીદી કરવા જતા પહેલા અમારી મુલાકાત ફાયદામાં રહેશે.
બોમ્બે, કલક્તા ને લેડીઝ વેસ્ટર્ન ટોપ ફક્ત રૂ. ૫૦૦/-માં ત્રણ નંગ
બ્રાન્ડેડ જીન્સ પેન્ટ, કોટન પેન્ટ, ફોર્મલ પેન્ટ ફક્ત રૂ. ૧૦૦૦/-માં ત્રણ નંગ
ફેન્સી લેડીઝ કુર્તી ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
ઓફીસ વેર શર્ટ, પ્લેન, લાઈનીંગ ચેક્સ ફક્ત રૂ. ૬૦૦/-માં ત્રણ નંગ
જીન્સ જેગીન્સ ફક્ત રૂ. ૬૦૦/-માં ત્રણ નંગ
બોમ્બે-બેંગ્લોર કેજ્યુઅલ શર્ટ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
કોટન પ્રિન્ટેડ ડ્રેસ મટીરીયલ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
લુધીયાણા બોમ્બે ફેન્સી ટી-શર્ટ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
હેરમ+પ્લોજ્જો નાઈટ પેન્ટ ફક્ત રૂ. ૪૫૦/-માં ત્રણ નંગ
લેડીઝ જીન્સ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
આ ઉપરાંત જીન્સ પેન્ટ, પોલોફીટ કાર્ગો પેન્ટ, બાંગ્લાદેશી કોટન કાર્ગો પેન્ટ જેવી અઢળક વેરાયટી અને એ પણ તળીયાના ભાવે
આ સેલ ટુંક સમય માટે જ છે. વહેલા તે પહેલાના ધોરણે પછી ના કહેતા કે અમે રહી ગયા.
સ્થળ : હોટલ પ્રેસિડેન્ટ બેંક્વેટ હોલ, 'ચ' રોડ, પેટ્રોલ પંપની પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સમય : સવારે ૧૦થી રાત્રે ૯ સુધી લંચ બ્રેક વગર
● હોલસેલ વેપારી ભાઈઓએ પૂછપરછ કરવી નહીં.
● શોપીંગ બેગ સાથે ન લાવવા વિનંતી.
● ગર્દીથી બચવા સવારે પધારો

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com